રાજકોટમાં પત્નિનું ખુન કરનાર પતિને આજીવન કેદની સજા

રિસામણે બેસેલ પત્નિને તેડવા બાબતે છરી વડે હુમલો કર્યો હતો

(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ,તા.૨૭

રાજકોટમાં આવેલા નવલનગરમાં આઠ વર્ષ પહેલા રિસામણે બેઠેલી પત્નીને પરાણે તેડી જવા મુદ્દે પતિએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. જેમાં વચ્ચે પડેલા સાસુને પણ છરીના ઘા ઝીંકી દીધા હતાં. જેમાં ગંભીર રીતે ઘવાયેલી પરિણીતાનું મોત નિપજ્યું હતું. પત્નીની હત્યા અને સાસુ ઉપર ખૂની હુમલો કરવાના ગુનામાં સંડોવાયેલા આરોપીને અદાલતે આજીવન કેદની સજા અને રૂા.૧૫૦૦૦ દંડ ફટકારતો હુકમ કર્યો હતો. આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા પ્રકાશભાઈ દિપકભાઈ પરમાર દારૂ પીવાની કુટેવ ધરાવતો હોવાથી અને મારકુટ કરતો હોવાથી પત્ની નમ્રતાબેન પરમાર નવલનગરમાં રહેતી તેની માતા મિનાબેન પાસે રિસામણે ચાલી ગઈ હતી. રિસામણે બેઠેલી પત્નીને પ્રકાશ પરમાર તા.૨૩-૬-૨૦૧૮નાં રોજ તેડવા માટે ગયો હતો. પરંતુ નમ્રતાબેને સાથે જવાની ના પાડતાં પ્રકાશ પરમારે ઉશ્કેરાઈ જઈ છરી વડે હુમલો કરી નમ્રતાબેનને છરીના ઓડકા દ્વારા ઝીંકી દીધા હતાં. પુત્રીને બચાવવા વચ્ચે પડેલી માતા મીનાબેન ઉપર પણ પ્રકાશ પરમારે છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલી નમ્રતાબેન પરમારનું મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. આ અંગે પ્રકાશ પરમાર વિરૂધ્ધ પત્નીની હત્યા અને સાસુ ઉપર જીવલેણ હુમલો કર્યાની ફરિયાદ નોંધાવી હતી.

પીડિત : એસ.કે.વોરા

ફરિયાદના આધારે પોલીસે પ્રકાશ પરમારની ધરપકડ કરી જેલવાસે કર્યો હતો. જે કેસ ચાર્જશીટ બાદ રાજકોટ કોર્ટમાં ચાલવા ઉપર આવતાં બન્ને પક્ષની રજૂઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ અધિક સેશન્સ જજ એ.કે.શાહે પત્નીની હત્યા અને સાસુ ઉપર જીવલેણ હુમલો કરવાના ગુનામાં આરોપી પ્રકાશ પરમારને આજીવન કેદની સજા અને રૂા.૧૫ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે.વોરા રોકાયા હતા.

સોમનાથ ખાતે સ્વદેશી હાર્ટમાં ખોરાક ખાધા બાદ નવ બાળકોને ફુડ પોઈઝનિંગ

મહાદેવના દર્શને આવેલ રાજસ્થાન જયપુરનો પરિવાર ભોગ બન્યો : તાત્કાલિક સારવાર મળતા બાળકો ભય મુક્ત

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસપાટણ તા.૨૭

યાત્રાધામ સોમનાથ મહાદેવ ના દર્શન ને રાજેસ્થાન જયપુર નો પરીવાર સોમનાથ દર્શન કરવા પધારેલ હતો પરીવાર ના ૯ બાળકો સોમનાથ સ્વદેશ હાર્ટ ખોરાક ખાધા બાદ ફુડ પોઈઝનિંગ થયુ હોવાની શંકા સેવાય રહેલ છે સ્વદેશી હાર્ટ ના ખાણી પીણી ની દુકાન મા ખોરાક ખાધા બાદ બાળક ની તબિયત બગડતાં તેમને પેટમાં દુઃખાવો, ઉલટી, ઊબકા આવતા તાત્કાલિક પ્રભાસપાટણ આરોગ્ય મા દાખલ કરવામાં આવેલ હતો.

બાળકોની તબિયત વધુ બગડતાં વિલંબ કર્યા વિના તમામને તાત્કાલિક સારવાર માટે પ્રભાસ પાટણના

તસ્વીરઃ દેવાભાઈ રાઠોડ

સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબ ડો. કૃણાલ વિવેદીના જણાવ્યા અનુસાર, ફુડ પોઇઝનિંગની અસર હેઠળ આવેલા તમામ ૯ બાળકોને હોસ્પિટલ લાવતાની સાથે જ મેડિકલ ટીમ દ્વારા ઈમરજન્સી અને સઘન સારવાર આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું. સમયસર મળી રહેલી યોગ્ય સારવાર અને દવાઓના કારણે ટૂંક જ સમયમાં તમામ બાળકોની તબીયતમાં ઘણો સુધારો જોવા મળ્યો હતો, જેના કારણે પરિવારે પણ રાહતનો શ્વાસ લીધો હતો.આ બાબતે ડો કૃણાલ વિવેદી એ વધુમાં જણાવ્યું કે આરોગ્ય વિભાગ દ્વારા જરૂર સર્વેલન્સ તથા વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે ખોરાક મા સંભવિત સ્રોત અંગ પણ તપાસ ચાલુ છે

મેડિકલ ઓથોરિટીના જણાવ્યા મુજબ, હાલ તમામ બાળકો ભયમુક્ત છે અને સ્થિતિ નિયંત્રણમાં હોવાથી ઝેરીપણ બાળકને વધુ સારવાર માટે અન્ય મોટી હોસ્પિટલમાં રીફર કરવાની જરૂર પડી નથી. જોકે, સોમનાથ જેવા પવિત્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરના પ્રવાસન સ્થળે યાત્રિકોને અપાતા ખોરાકની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિકો અને યાત્રિકો માંગ કરી રહ્યા છે કે આવા પવિત્ર યાત્રાધામોમાં કાર્યરત ખાનગી ખાણી-પીણીના સ્ટોલ પર ફુડ વિભાગ દ્વારા નિયમિત અને કડક ચેકિંગ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં અન્ય કોઈ શ્રદ્ધાળુઓ કે માસૂમ બાળકોના સ્વાસ્થ્ય સાથે આવા ગંભીર ચેડાં ન થાય.

ગોંડલ સિવિલની ગંભીર બેદરકારીઃ ફ્રીઝની પાઈપલાઈન ચોરાતા મૃતદેહની હાલત બગડી

ફરિયાદ કરવાના બદલે ઢાંકપીછોડોઃ મોતનો મલાજો ન જાળવ્યાનો તાલુકા કોંગ્રેસ પ્રમુખનો આક્ષેપ

(પ્રતિનિધિ દ્વારા) ગોંડલ, તા૨૭

ગોંડલ સિવિલ હોસ્પિટલમાંથી એક ચોંકાવનારી અને માનવતાને શર્મસાર કરે તેવી ઘટના સામે આવી છે. હોસ્પિટલ તંત્રની ઘોર લાપરવાહીને કારણે ફ્રીઝરૂમમાં રાખવામાં આવેલા એક વૃદ્ધના મૃતદેહની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ હોવાનો મામલો સામે આવ્યો છે. ફ્રીઝની ફ્લિંગ અને ગેસ પાઈપલાઈન સહિતના સામાનની ચોરી થતાં ફ્રીઝ બંધ પડી ગયું હતું, જેને કારણે મૃતદેહ કોહવાઈ ગયો હતો. આટલું ઓછું હોય તેમ, હોસ્પિટલ પ્રશાસન દ્વારા ચોરીની ફરિયાદ નોંધાવવાને બદલે સમગ્ર મામલે ઢાંકપીછોડો કરવાનો પ્રયાસ કરાતાં હોવાનો આક્ષેપ સ્થાનિક આગેવાનો દ્વારા કરવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, ગોંડલ તાલુકાના ચરખડી ગામે આવેલા વૃદ્ધાશ્રમમાં એક નિરાધાર વૃદ્ધનું કુદરતી મૃત્યુ થયું હતું. તેમના વાલીવારસો મુંબઈ રહેતા હોવાથી, તેઓ આવે ત્યાં સુધી મૃતદેહને સુરક્ષિત રાખવા માટે ગોંડલ સિવિલ હોસ્પિટલના ફ્રીઝરૂમમાં રાખવામાં આવ્યો હતો.

આ દરમિયાન તસ્કરો દ્વારા ફ્રીઝની હ્રદય સમાન ગણાતી ગેસની પાઈપલાઈન અને ફ્લિંગ પાઈપ સહિતના કિંમતી સામાનની ચોરી કરવામાં આવી હતી. પાઈપલાઈન ચોરાઈ જતાં ફ્રીઝ બંધ થઈ ગયું હતું અને સમયસર કોઈ પગલાં ન લેવાતા મૃતદેહ કોહવાયેલી હાલતમાં જોવા મળ્યો હતો. સિવિલ હોસ્પિટલ તંત્રની આ ગંભીર બેદરકારી જોઈને હોસ્પિટલ સ્ટાફ અને ત્યાં હાજર લોકોમાં ભારે કચવાટ અને આક્રોશ ફેલાયો હતો.તાલુકા કોંગ્રેસ પ્રમુખ હર્ષદસિંહ ઝાલાએ સ્થળ મુલાકાત લીધા બાદ આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે, હોસ્પિટલની અંદર પોલીસ ચોકી હોવા છતાં ત્યાં પોલીસ હાજર હોતી નથી. અસામાજિક તત્વો અને ચોરોને ખાલે પાણી ઢોર મળી ગયો હોય તેવી સ્થિતિ છે. જ્યાંબદાર અધિકારીઓ હાજર રહેતા નથી અને આ રેફિયાળ તંત્ર મરનાર વ્યક્તિના મોતનો મલાજો પણ જાળવી શકયું નથી. મૃતદેહ રાખવાનું ફ્રીજ પણ ભંગાર ભરેલા રૂમ માં રખાયું છે. સામાજિક અગ્રણી પ્રફુલ રાજયગુરૂએ જણાવ્યું હતું કે, ફ્રીઝનો સામાન ચોરી થયો હોવાની જાણ હોસ્પિટલના આર.એમ.ઓ. (છઘ.ઓ.) ને કરાતા ગોંડલ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ વાહ્ય તો ગાજતે આવી તો ખરી, પરંતુ તે સમયે ચોરી થયેલા સરસામાન અને ચોરની ઓળખ કરાવી આપવા છતાં પોલીસે કોઈ નક્કર કાર્યવાહી કરી નહોતી અને ચોર ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પોલીસે યોગ્ય કાર્યવાહી કરવાને બદલે થાપો આપ્યો હોવાના ગંભીર આક્ષેપો પણ તેમણે કર્યા છે.

તાલાલાના રમળેચી ગીર ગામે આધુનિક એસ.ટી. પીકઅપ સ્ટેન્ડ બંધાશે

ગ્રામ પંચાયતની રૂ.૪ લાખની ગ્રાન્ટમાં લોકફાળો ઉમેરાશે

(પ્રતિનિધિ દ્વારા) તાલાલા તા.૨૫

તાલાલા તાલુકાનાં રમળેચી ગીર ગામે ગ્રામજનોના સહકારથી અંદાજે રૂ.૫૧ લાખના ખર્ચે આધુનિક નવું એસ.ટી પીક અપ સ્ટેન્ડ બંધાશે.

ગામના સરપંચ શ્રી જયકુભાઈ મુયા એ આપેલ વિગત પ્રમાણે ગ્રામ પંચાયતની રૂ.ચાર લાખની ગ્રાન્ટ તથા ગ્રામજનોના સાત લાખના

તસ્વીરઃ સરદારસિંહ ચૌહાણ

લોકફાળા સાથે અંદાજે રૂ.૧૧ લાખના ખર્ચે ચિત્રાવડ ગીર-હરીપુર રોડ ઉપર ગ્રામ પંચાયતની બાજુમાં નવનિર્મિત આધુનિક એસટી પીક અપ સ્ટેન્ડ બંધાશે.ગીર પંથકના ધારાસભ્ય ભગવાનભાઈ બારડના વરદ હસ્તે પીક અપ સ્ટેન્ડ નું ભૂમિ પૂજન કરી કામગીરીનો શુભારંભ થયો છે.

આ પ્રસંગે ગામના અગ્રણી છગનભાઈ કણસારારા તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

જામનગર તાલુકાના રસુલનગરમાં મોબાઈલ સ્ટેટસ મુદ્દે બોલાચાલી બાદ હુમલો

પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા. ૨૭

જામનગર તાલુકાના બેડ નજીક રસુલનગર ગામમાં મોહસ્મના તહેવાર દરમિયાન મોબાઇલ સ્ટેટસ બાબતે થયેલી બોલાચાલી ઉગ્ર બનતા એક વ્યક્તિને માથામાં ગંભીર ઇજા પહોંચાડવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

ફરિયાદી મોસીન હનીફભાઈ કકલ (ઉ.વ. ૩૨), રહે. રસુલનગર, જામનગરે નોંધાવેલી ફરિયાદ મુજબ તા. ૨૬ ના રોજ મોહરમના તહેવાર નિમિત્તે તેમના મામા ઇશાકભાઈ ઘરે આવ્યા હતા. સાંજે નમાજ અદા કર્યા બાદ મસ્જિદ બહાર ગામના કેટલાક શખ્સોએ તેમને ઈમામ ચોક પાસે બોલાવ્યા હતા.

ત્યાં હાજર જુબેર જુનુસ સુભાણીયા અને જુનુસ ભઠી ઉર્ફે તલવારિયાએ ઇશાકભાઈને મોબાઈલમાં રાખેલા સ્ટેટસ બાબતે પ્રશ્નો કરી ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ઇશાકભાઈએ વિરોધ કરતાં મામલો ઉગ્ર બન્યો હતો.

ફરિયાદ મુજબ જુનુસ ભઠી ઉર્ફે તલવારિયાએ લાકડાના ધોકા વડે ઇશાકભાઈ પર હુમલો કર્યો હતો. દરમિયાન ફરિયાદી મોસીન વચ્ચે પડતા જુબેર જુનુસ સુભાણીયાએ તેમના ગાલ પર માર માર્યો હતો. ત્યારબાદ જુસફ અબ્દુલ સુભાણીયાએ વજન કરવા માટે વપરાતું તોલું (જજનીયું) ઇશાકભાઈના માથામાં ફટકારતા તેઓ જમીન પર ઢળી પડ્યા હતા.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે ત્યારબાદ જુનસ મામદ સુભાણીયા, આબીદ કરીમ ડેરેચા અને રજાક આદમ જોડા પણ ઘટનાસ્થળે પહોંચી ફરિયાદી તથા ઇશાકભાઈને ઢીક-પાટુનો માર માર્યો હતો.

બૂમાબૂમ થતાં ગામના લોકો અને પરિવારજનો વચ્ચે પડી બંનેને વધુ મારથી બચાવ્યા હતા. ઇશાકભાઈના માથામાં ગંભીર ઇજા થતાં ડાન અને નાકમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. બંને ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જી.જી. હોસ્પિટલ, જામનગર ખસેડવામાં આવ્યા હતા.

ફરિયાદી મોસીનને સામાન્ય ઇજા થઈ હોવાનું જ્યારે ઇશાકભાઈને માથામાં ગંભીર ઇજા પહોંચતા ડોક્ટરોએ હેમરેજ જેવી સ્થિતિ હોવાનું જણાવ્યું હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલ તેમની સારવાર ચાલુ હોવાનું જાણવા મળે છે. આ સમગ્ર બનાવ મોબાઈલ સ્ટેટસ બાબતે થયેલા વિવાદને પગલે બન્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે ફરિયાદના આધારે સંબંધિત આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કાલાવડના જશાપરમાં માતાજીનું ડાકલું લેવા બાબતે યુવાન પર છરીથી હુમલો

પિતાને લાકડાના ધોકાથી માર મરાયો

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા ૨૭

કાલાવડ તાલુકાના જશાપર ગામમાં માતાજીનું ડાકલું લેવા બાબતે થયેલી બોલાચાલી બાદ બે શખ્સોએ યુવાન અને તેના પિતા પર હુમલો કરી લાખથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી અમિતભાઈ ચંદ્રેશભાઈ મકવાણા (ઉ.વ. ૧૯), રહે. મહાલક્ષીનગર, જશાપર ગામ, તા. કાલાવડની ફરિયાદ મુજબ તા. ૨૬/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રે આશરે સાડા નવ વાગ્યે રાઘવ ફરસુખભાઈ મકવાણા તેમના ઘરે માતાજીનું ડાકલું લેવા આવ્યો હતો. તે સમયે ફરિયાદીના પિતા ચંદ્રેશભાઈએ ડાકલું સવારે આપવા જણાવ્યું હતું. આ બાબતે આરોપી રાઘવ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી અને તેમના પિતાને ગાળો આપી ત્યાંથી ચાલ્યો ગયો હતો. થોડા સમય બાદ રાઘવ હાથમાં લાકડાનો ધોકો અને કરણ ભલુભાઈ મકવાણા હાથમાં છરી લઈને ફરિયાદીના ઘરે આવ્યા હતા. ફરિયાદ મુજબ બંને આરોપીઓએ ફરીથી ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. દરમિયાન કરણ મકવાણાએ ફરિયાદીના કપાળના ડાબા ભાગે આંખ ઉપર છરીનો ઘા મારી લોહીલુહાણ કરી દીધા હતા. હુમલામાં ફરિયાદીને કપાળના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી અને ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. ઉપરાંત ઢીક-પાટુનો પણ માર મારવામાં આવ્યો હતો. આ દરમિયાન આરોપી રાઘવ મકવાણાએ ફરિયાદીના પિતા ચંદ્રેશભાઈને લાકડાના ધોકાથી શરીરના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. બનાવ બાદ બંને આરોપીઓએ ફરિયાદી અને તેમના પિતાને ધમકી આપી હતી કે, "આગળથી અમારી સાથે માથાકૂટ કરશો તો જીવતા નહીં મૂકીએ." પોલીસ ફરિયાદ મુજબ બંને આરોપીઓએ એકબીજાની મદદગારીથી હુમલો કર્યો હતાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત જાહેરનામાનો ભંગ કરીને હથિયાર સાથે ગુનો આચર્યો હોવાનું પણ નોંધાયું છે. કાલાવડ ટાઉન પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સર ભગવતસિંહજી જે તાજીયાના દર્શને જતા એ સહિત ૧૯ સામે ગુનો નોંધાયો

ધોરાજીમાં ઊંચાઈની મર્યાદાના જાહેરનામાનો ભંગ કરનારાઓ સામે તંત્રની લાલઆંખ

(પ્રતિનિધિ દ્વારા) ધોરાજી તા.૨૭

ધોરાજી ખાતે જિલ્લા મેજિસ્ટ્રેના જાહેરનામાં ભંગ બદલ તાજિયા જુલુસ દરમિયાન નવ ફૂટ થી વધુ ઊંચાઈ ધરાવતા ૧૯ તાજિયા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ. જેમાં પોલીસ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા ની કલમ હેઠળ ૧૯ તાજિયાના ૧૯ જેટલા જવાબદાર આયોજકો સામે ગુનો નોંધાયો હતો.

તસ્વીરઃ-વિમલ સોંદરવા

મહોરમ પૂર્વે તા.૧૮ થી ૨૬ સુધી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા નવ ફૂટ થી વધુ ઊંચાઈનો તાજિયા બનાવવા , વહેંચવા કે પરિવહન નહીં કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેના અમલીકરણ ની સૂચના આપવામાં આવી હતી.

ત્યારે ધોરાજી પોલીસતરફ થી પીએસઆઈ એ.બી.કાકડીયા એ જાહેરનામાં ભંગ બદલ નોંધેલ ફરિયાદ મુજબ ગતરોજ ૨૬ ના રોજ સાંજે જુલુસ બંદોબસ્ત દરમિયાન દરબારગઢ ચાસેથી કુલ ૨૩ જેટલા તાજિયા નીકળ્યા હતા. જેમાં ૧૯ તાજિયા ની ઊંચાઈ નવ ફૂટ થી વધુ હોવાથી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાં ભંગ બદલ ભારતીય નાગરિક સુરક્ષા ની કલમ હેઠળ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. જેમાં રાજશાહી સમય થી આસ્થા ના પ્રતીક ગણાતા ફ્રુત્તમ ના તાજિયા સહિત કુલ ૧૯ તાજિયા ના કમિટી આયોજક વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

ફ્રુત્તમ તાજિયા માતમ આયોજક સૈયદ જાવિદભિયાં રજાક મિયાં, તેલી ની તાજિયા માતમ તોફિક સતાર પટેલ, તુંબી તાજિયા માતમ ઇમરાન ઇબ્રાહીમ હાલાઈ, બુખારીશા તાજિયા માતમ, ઓનબાઈ સતારમિયાં નાગાણી, ઝગડું માતમ તાજિયા ઇમ્તિયાઝ મોહમદ બાઈ હાદા, લાખા પર માતમ ઇકબાલ હનીફ મુન્શી, નવીવાલા તાજિયા માતમ યાસીન કાદરબાઈ બીડીવાલા, હાથી ખાના તાજિયા માતમ હનીફભાઈ કાસમભાઈ ખોરણી, રાંગરી મહોલ્લા માતમ શબ્બીર સતાર લુલાણીયા, આંબાવાડી તાજિયા માતમ ખાલિદ જબ્બાર બેલીમ,નાભિરાજ ચોક,તાજિયા ગફાર ઓસમાણ શકરિયાણી, રસુલપરા તાજિયા માતમ મેહબૂબ શા મહંમદ શા કરોડી, અંધાસિયા વાડ તાજિયા અઝઝીમ મોહમદ ગોરી,આલુ બાપુ તાજિયા માતમ બશીર મિયા મામદ મિયાં અટારી, ચમાલીયા તાજિયા માતમ એહમદ જબ્બાર સોલંકી, હાસમ ફળિયા તાજિયા અબ્દુલ કાદિર ગરાણા, ભિલાની ફળિયા માતમ બશીર ગનીભાઈ ગરાણા, પરી નો તાજીયો ગુલામ હુસેન બુખારી, વોરા વાડ તાજિયા માતમ વાહિદ ખાન અલીખાન સિપાઈ સામે જાહેરનામા નો ભંગ કરવા બદલ ગુનો નોંધાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે તાજિયા ના દર્શન માટે રાજા સર ભગવત સિંહજી આવતા તે ફ્રુત્તમ તાજિયા પર પણ ગુનો દાખલ થયો છે.

pnb punjab national bank ...the name you can BANK upon!

સ્ટ્રેડ એસેટ મેનેજમેન્ટ શાખા, મુંબઈ
પીનોબની પ્રગતિ ટાવર, પહેલો માળ, પ્લોટ નં. સી-૧, છ-બ્લોક, બાંદ્રાકુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૧, ઈમેલ: zs8356@pnb.bank.in

સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને ૮(૧)ની જોગવાઈ સાથે વાંચવામાં આવેલ સ્થાવર સંપત્તિના વેચાણ માટે ઈ-હરાજીનું વેચાણ નોટિસ.

આથી અહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(ઓ) અને લાગુપાત્ર જામીનદાર(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત(ઓ) જે સુરક્ષિત લેણદાર પાસે ગીરવે મૂકવામાં આવી છે/વર્ચ્ય કરવામાં આવી છે/વર્ચ્ય કરવામાં આવશે છે/ભૌતિક/પ્રતિકાત્મક કબ્જો લેવ/સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા વેચવામાં આવશે છે, તે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ", અને "જે છે તે"ના આધારે નીચે આપેલા કોષ્ટકમાં દર્શાવેલ તારીખો પર, સંબંધિત કરજદાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી બાકી/સુરક્ષિત લેણદારને તેના બાકી લેણાંની વસૂલાત માટે વેચવામાં આવશે. અનામત કિંમત અને બયાનની રકમ ઘટાડા કરવા સંબંધિત મિલકતો સામે નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

સુરક્ષિત સંપત્તિઓનું સમયપત્રક

લોટ નં.	શાખાનું નામ / ખાતાનું નામ / કરજદાર/જામીનદારોના ખાતાના નામ અને સરનામા	સ્થાવર મિલકતોનું વર્ણન નોંધી/ભૌતિક નામ (મિલકત(ઓ)ના નોંધી રાખવામાં(ઓ)	અ) સરકારી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૩(૨) હેઠળ વિગતવાર નોટિસની તારીખ બ) બાકી રકમ (રૂ.માં) સ) સરકારી અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૩(૮) હેઠળ કલમની તારીખ ડ) કબ્જાની પ્રકૃતિ પ્રતિકાત્મક/ભૌતિક/રચનાત્મક	અ) અનામત કિંમત (રકમ રૂ.માં) બ) ઈમેનમી (રકમ રૂ.માં) સ) બોલીમાં વધારાની રકમ (રકમ રૂ.માં)	ઈ-હરાજીની તારીખ/સમય	સુરક્ષિત લેણદારોને જાણીતા બોજાઓ વિગતો
	ગ્રહેણ એસેટ મેનેજમેન્ટ શાખા, મુંબઈ મેસર્સ બ્રીઝર્સ સિરામિક એલએલપી મેસર્સ બ્રીઝર્સ સિરામિક એલએલપી (કરજદાર) (એલએલપી કર્મ) સરનામું- સર્વે નંબર ૮૩/૧, ૮૩/૨, ૮૩/૩, ૮૩/૪, સુરાસર રોડ ભોજવદા સાથે, ટ-૫૬, મોરબાસ ક્રાસિક, જેતપરડા, તાલુકો-પોરબંદર, જિલ્લો-મોરબી, ગુજરાત-૩૬૩૧૬૧ શ્રી શ્રેયેષ ઈમરસભાઈ પટેલ (નિયુક્ત ભાગીદાર) સરનામું મું: શ્રીકુંજ-૨, પ્લોટ નં.-૧, અવધ-૨ની બાજુમાં, નાનીવોરાડ પાસે, કન્યા છાત્રાલય રોડ, સનાળા રોડ, મોરબી, મોરબી, ગુજરાત - ૩૩૩૨૫ અને બ્રિજિનલ સોસાયટી, શેરી નં.૩, સરદાર બાગ સાથે, સનાળા રોડ, મોરબી, ગુજરાત-૩૩૩૨૫. શ્રી ઈમાભાઈ ખરાબભાભાઈ મોટારા (નિયુક્ત ભાગીદાર) સરનામું મું: ભાગ્ય લક્ષ્મી, બ્રિજિનલર સોસાયટી, શેરી નં.૩, સરદાર બાગ સાથે, સનાળા રોડ, મોરબી, ગુજરાત-૩૩૩૨૫ અને શ્રીકુંજ-૨, પ્લોટ નં.-૧, અવધ-૨ની બાજુમાં, નાનીવોરાડ પાસે, કન્યા છાત્રાલય રોડ, સનાળા રોડ, મોરબી, મોરબી ગુજરાત-૩૩૩૧૫. મેસર્સ કાયરોલ સિરામિક (જામીનદાર) ડ્રાઇન નં. એક-૨૫, પહેલો માળ, શક્તિ ચેમ્બર ૧, આદર્શ હોટલની સામે, ટ-૫૬ નેશનલ હાઈવે, મોરબી, ગુજરાત-૩૩૩૧૪. શ્રી પોરેશ અમરાભભાઈ પોરાણા (નિયુક્ત ભાગીદાર) આનંદપુર, તા. મોરબી, જિલ્લો મોરબી ગુજરાત- ૩૩૩૧૨૧. શ્રી રવિકાંત તારકેશ્વર સાહ (નિયુક્ત ભાગીદાર) સરનામું મું: ૩૦૪, શીશ પેલેસ, નહરુ પાર્ક, કલોલ હોમની સામે, મોરબી, ગુજરાત - ૩૩૩૨૧ શ્રી નમન ચતુરભાઈ સરડવા (નિયુક્ત ભાગીદાર) બ્લોક નં ૨૨, પરસુરામ સોસાયટી પાછળ, કૃષ્ણ નગર-૨, મોરબી, ગુજરાત-૩૩૩૨૪. શ્રી કિરીટ લુખરભાઈ મુદરીયા (નિયુક્ત ભાગીદાર) વિરપર (ખંભા) ટંકારા, મોરબી, ગુજરાત-૩૩૩૨૧. શ્રી દિગ્વેશ અંબરામભાઈ પોરાણકર (નિયુક્ત ભાગીદાર) ૧૮, વંદનોક સોસાયટી, નવસર્જન સાળા પાસે, સરતાંપ, અમદાવાદ ગુજરાત- ૩૮૪૨૮૦. ૧. શ્રી સાગર અમરશીભાઈ નંબડિયા (નિયુક્ત ભાગીદાર) બ્લોક નં-૧૦૩, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, સનાળા રોડ, મોરબી એનઈજ, મોરબી ગુજરાત-૩૩૩૧૪ અને ફ્લેટ નં. ૬૦૧ દિલ્ક એપાર્ટમેન્ટ બીજા માળે રવાપર રોડ,સર્વેન નં૩૭/૧, પ્લોટ નં. ૩ જેવી, ઉમિયા ચોક, નારંગ મીંદર પાસે, રવાપર રોડ, રવાપર- મોરબી, તા. અને જિ. મોરબી, ગુજરાત-૩૩૩૧૧. શ્રી ઈમરભાઈ ખરાબભાભાઈ મોટારા (નિયુક્ત ભાગીદાર) ફ્લેટ નં. ૩ શિવલેખનીના ચોક્ષા માળે વજેપર રેડ.સં. નં. ૧૦૭૦ પેઢી, પ્લોટ નં. ૧૦, ખોડિયાર પાસે, આલાપ પાસે, આલાપ રોડ, વજેપર, મોરબી. તા. અને જિલ્લો મોરબી ગુજરાત-૩૩૩૧૫. શ્રી ચંદ્રેશ અમરશીભાઈ નંબડિયા (નિયુક્ત ભાગીદાર) સનાધન સાઇ-૨ અંબની પાડે પાસે, રવાપર, મોરબી-૩૩૩૧૪. શ્રી અજય કુમાર દિલીપકુમાર પટેલ (નિયુક્ત ભાગીદાર) ૧૨, પ્રભાત પાર્ક, ઉમિયા મંદિર પાસે, ૮૦ ફૂટ રોડ, વાઘાણ સહેર ઇન્ડ. એસ્ટેટ સુરેન્દ્રનગર-૩૬૩૦૩૫. શ્રી અરવિંદકુમાર બાબુભાલા પાંભેચા (જામીનદાર) સ્ટ્ર. બાબુભાલા પાંભેચા, મહેન્દ્રનગર, મોરબી ૩૩૩૪૨. શ્રી રવિકુમાર જયસમતભાઈ સાદરીયા (જામીનદાર) બ્લોક નં-૨૩, ખનિલિપિ સોસાયટી, બાલાજી સોસાયટી પાસે, મોરબી-૩૩૩૪૧. નોલ્ડરાઇન એક્ટોમેશન સિસ્ટમ (જામીનદાર) ૩, હિલ્ડા ક્રા એન્ટર, નોલાનાલ હાઈવે, ટ-૫૬, મું. કુંડા, તા. વાંકાનેર, રાજકોટ, ગુજરાત-૩૩૩૬૧. શ્રી મુકતાબેન અમરશીભા પટેલ (નોમીયી) (જામીનદાર) ફ્લેટ નં-૨૦૩, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, સનાળા રોડ, મોરબી ૩૩૩૧૪ શ્રી ચતુરભાઈ મગનભાઈ સરડવા (જામીનદાર) બ્લોક નં.૧૨, કૃષ્ણ નગર-૨, પરસુરામ સોસાયટી, મોરબી-૩૩૩૧૨ ગુજરાત. શ્રી કરણભાઈ તળશીભાઈ પટેલ (જામીનદાર) પટેલ સ્ટ્રીટ, ધ્રજેસ્ર, તા.- વાઘાણ, સુરેન્દ્રનગર, ૧૭૦ ગુજરાત, ધિન કોડ-૩૩૩૦૧૦. શ્રી દિલીપકુમાર તળશીભાઈ પટેલ (જામીનદાર) ૧૨, પ્રભાત પાર્ક, ઉમિયા મંદિર પાસે, ૧૦ ફૂટ રોડ, વાઘાણ, સુરેન્દ્રનગર - ૩૩૩૩૫ પારા એન્ટરપ્રાઈઝ (જામીનદાર) ઓઘોલિક જમીન, રેડ.સં. ૧૧૧૬, શેડ નં. સી-૬/૨૭૦, વાઘાણ જીઆઈડીસી, ફેઝ-૨, જીઆઈડીસી વિજ પાસે, જીઆઈડીસી ફેઝ-૨ રોડ, વાઘાણ, સુરેન્દ્ર નગર.	ફ